For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

વડોદરામાં વર્ષના છેલ્લા દિવસોમાં અકસ્માતોની વણજાર લાગી, ટ્રાફિક નિયમોના નામે માત્ર પાવતીઓ જ ફાટે છે સુરક્ષાનુ શું?

# ચા પીવાની ઈચ્છા કાળ બનીને આવી : અટલાદરામાં બંગાળી યુવાનનું ટેમ્પાની ટક્કરે મોત નીપજ્યું




**અટલાદરાની** ઓરો રેસીડેન્સીમાં રહેતો 28 વર્ષીય અવિષેક વહેલી સવારે બાઈક લઈને નીકળ્યો ને અકસ્માત નડ્યો; પરિવારમાં માતમ

ઘટનાની જાણ થતા જ અટલાદરા પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી

(પ્રતિનિધિ) વડોદરા, તા.29

વડોદરા શહેરના અટલાદરા-બિલ રોડ પર રહેતા અને ખાનગી કંપનીમાં ફરજ બજાવતા 28 વર્ષીય યુવાનનું માર્ગ અકસ્માતમાં કમકમાટીભર્યું મોત નીપજ્યું છે. આજે વહેલી સવારે જ્યારે યુવાન બાઈક લઈને ચા પીવા માટે નીકળ્યો હતો, ત્યારે સામેથી આવતા એક ટેમ્પાએ તેને અડફેટે લીધો હતો. ગંભીર ઈજાઓને કારણે યુવાનનું સ્થળ પર જ પ્રાણપંખેરુ ઉડી ગયું હતું. મૂળ પશ્ચિમ બંગાળનો વતની 28 વર્ષીય અવિષેક અશોકભાઈ ગુપ્ત છેલ્લા કેટલાક સમયથી વડોદરાના અટલાદરા-બિલ રોડ પર આવેલી ઓરો રેસીડેન્સીમાં રહેતો હતો અને અહીંની એક ખાનગી કંપનીમાં નોકરી કરતો હતો. સોમવારે વહેલી સવારે આશરે પાંચ વાગ્યાના સુમારે અવિષેક પોતાની બાઈક લઈને ચા પીવા માટે ઘરેથી નીકળ્યો હતો.

અવિષેક જ્યારે અટલાદરા નારાયણ વાડી પાસેથી પસાર થઈ રહ્યો હતો, ત્યારે સામેથી પૂરપાટ ઝડપે આવી રહેલા એક ટેમ્પા સાથે તેની બાઈકનો જોરદાર અકસ્માત થયો હતો. ટક્કર એટલી ભયાનક હતી કે અવિષેકને શરીરે અને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી, જેના કારણે તેનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું.ઘટનાની જાણ થતા જ અટલાદરા પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. પોલીસે યુવાનના મૃતદેહનો કબજો મેળવી પોસ્ટમોર્ટમ માટે ગોત્રી હોસ્પિટલ ખાતે ખસેડ્યો હતો.

અકસ્માત અંગેની જાણ અવિષેકના પશ્ચિમ બંગાળ સ્થિત પરિવારજનોને કરવામાં આવી હતી. પુત્રના મોતના સમાચાર સાંભળતા જ પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું હતું અને તેઓ તાત્કાલિક વડોદરા આવવા રવાના થયા છે.પરિવારજનો વડોદરા પહોંચ્યા બાદ મૃતદેહ તેમને સોંપવામાં આવશે. અટલાદરા પોલીસે આ મામલે અકસ્માતનો ગુનો નોંધી ટેમ્પા ચાલક સામે કાર્યવાહી હાથ ધરી છે.

ફતેગંજ પોલીસે બસ ચાલક વિરોધ ગુનો દાખલ કરી કાર્યવાહી હાથ ધરી

## પંડ્યા બ્રિજ નીચે એસટી બસની અડફેટે બે યુવકો ઈજાગ્રસ્ત,એકનું મોત

(પ્રતિનિધિ) વડોદરા, તા.29

વડોદરાના પંડ્યા બ્રિજ નીચે પૂર ઝડપે આવી રહેલી એસટી બસે બાઈક પર સવાર ત્રણ વ્યક્તિઓને અડફેટે લેતા બે વ્યક્તિઓ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થઈ હતી. જ્યારે એકનું હોસ્પિટલના બિછાને ટૂંકી સારવાર દરમિયાન મોત થયું હતું. અકસ્માતને પગલે ફતેગંજ પોલીસે બસ ચાલક વિરોધ ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.વડોદરા શહેરમાં છેલ્લા કેટલાક દિવસોથી અકસ્માતોની ભરમાર જોવા મળી રહી છે, તેવામાં આજે વહેલી સવારે શહેરના પંડ્યા




બ્રિજ નીચે વધુ એક ગમખ્વાર અકસ્માતની ઘટના બની હતી. ગુજરાત એસટીની જામનગર વડોદરા બારીયાની ગુર્જર નગરી એક્સપ્રેસ એસટી બસે બાઈક પર સવાર ત્રણ યુવકોને અડફેટે લેતા બાઈક પર સવાર યુવાનો રોડ ઉપર પટકાયા હતા. ત્રણે યુવાનોને ગંભીર ઈજા પહોંચી હતી. અકસ્માતને પગલે ઘટના સ્થળે લોક ટોળા ઉમટી પડ્યા હતા અને બનાવ અંગેની જાણ પોલીસને કરવામાં આવતા ફતેગંજ પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી.

ઈજાગ્રસ્તોને 108 એમ્બ્યુલન્સ મારફતે સયાજી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ત્રણ યુવકો પૈકી એકનું ટૂંકી સારવાર દરમિયાન મોત થયું હતું.

## સોમાતળાવ ખાતે અજાણ્યા વાહનચાલકે અડફેટે લેતા રોડ પર પટકાયેલા વૃદ્ધનું મોત

(પ્રતિનિધિ) વડોદરા, તા.29

ડભોઈ રોડ પર સોમાતળાવ ચાર રસ્તાથી કપુરાઈ ચોકડી તરફ આવતા મોપેડ ચાલક વૃદ્ધને ઓવર સ્પીડમાં આવેલા વાહનચાલકે અડફેટે લીધા હતા. જેમાં રોડ પર પટકાવાના કારણે તેમને માથા સહિતના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. જેથી તેમને એસએસજીમાં સારવાર માટે લઈજતા હાજર ડોક્ટરે મરણ જાહેર કર્યાં હતા. જેથી મૃતકના પિતાના પુત્રે વાહનચાલક સામે ગુનો નોંધ્યો છે. વડોદરા શહેરના ડભોઈ રોડ પર એમ એમ વોરા શોરૂમની પાસે રિધ્ધી સિધ્ધી સોસાયટીમાં રહેતા હિતેશભાઈ તુલસીભાઈ સોલંકીએ નોંધાવેલી ફરિયાદ મુજબ એક અજાણ્યા વાહનનો ચાલક 28 ડિસેમ્બરના રોજ રાત્રીના સાડા નવેક વાગ્યાની પહેલા સોમાતળાવ ચાર રસ્તાથી કપુરાઈ ચોકડી તરફ જતાં સ્વસ્તીક પાર્ટી પ્લોટની સામેની બાજુએ રોડ પર ઓવરસ્પીડમાં વાહન ચલાવી તેમના પિતા તુલસીભાઈ રમણભાઈ સોલંકી (ઉ.વ.68)ની મોપેડ સાથે ધડાકા ભેર ટક્કર મારી હતી. જેના કારણે તેમના પિતા રોડ પર પટકાયાં હતા અને તેમને માથામાં પાછળના ભાગ સહિતના શરીર પર ગંભીર ઈજાઓ પહોંચી હતી જેથી અકસ્માતના પગલે રોડ પર લોકો ભેગા થઈ ગયાં હતા અને ઈજાગ્રસ્ત થયેલા તેમના પિતાના સારવાર માટે એસ.એસ.જી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યાં હતા. ત્યારે હોસ્પિટલમાં ફરજ પર હાજર મળી આવેલા ડોક્ટર દ્વારા તેમના પિતાના મરણ જાહેર કરવામાં આવ્યાં હતા.

અવાવરુ તથા સુમસામ જગ્યા પર પોલીસ દ્વારા સતત મોનટિરંગ રખાશે

## 31 ડિસેમ્બર : અનિચ્છનીય હરકત કરી તો પોલીસની છોડશે નહી : નરસિમ્હા કોમાર



**પોલીસનો** એક્શન પ્લાન : 6 ડીસીપી , 13 એસીપી 13, 54 પીઆઇ, 75 પીએસઆઇ, 2000 ઉપરાંતના પોલીસ કર્મચારી, 600 ટીઆરપી તથા હોમ ગાર્ડ ખડે ફરજ બજાવશે

(પ્રતિનિધિ) વડોદરા, તા.29

વડોદરા શહેરમાં 31 ડિસેમ્બરની યૌવનધન સહિતના લોકો દ્વારા ભારે ધામધૂમપૂર્કવ ઉજવણી કરવામાં આવતી હોય છે. જેને લઈને શહેરના અલગ અલગ વિસ્તારોમાં આવેલી હોટલ તથા પાર્ટી પ્લોટમાં આયોજકો દ્વારા પાર્ટીનું આયોજન કરવામાં આવતી હોય છે. ત્યારે આ તહેવાર દરમિયાન કોઇ અનિચ્છનીય બનાવ ના બને તેના માટે પોલીસ કમિશનર નરસિમ્હા કોમાર દ્વારા એક્શન પ્લાન બનાવી લેવામાં આવ્યો છે. ત્યારે પોલીસ દ્વારા અલગ અલગ વિસ્તારોમાં આવેલા દરેક ભીડભાડ વાળા સ્થળોએ પોલીસ કર્મચારીઓને તૈનાત રાખવામાં આવશે. અસામાજિક તત્વો ઉજવણીમાં કોઇ પ્રકારની દખલગીરી ન કરે તે માટે પોલીસ સંપુર્ણ રીતે સજ્જ બની ગઇ છે. પોલીસના વિશેષ વાહનો સાથે પણ ટિમો દ્વારા સતત મોનટરિંગ રાખવામાં આવશે. કોઈ પણ અનિચ્છનીય કાર્યવાહી કરી તો પોલીસની ટિમો રાઉન્ડ ધી ક્લોક રાત્રીના દરમિયાન આટા ફેરા મારતી રહેશી. કોઇ કોઇ આ પ્રકારની પ્રવૃતિ કરતા પકડાશે તો તેઓ કોણ પણ સંજોગોમાં છોડવામાં આવે. શહેરના અલગ અલગ વિસ્તારોમાં આવેલા ફાર્મ હાઉસ કે હોટેલોમાં નિયમ ભંગ ના થાય તે માટે તમામ માલીકોને સૂચના આપી દેવામાં આવી છે. આગામી 31 ડિસેમ્બરના સુરક્ષા બંદોબસ્ત અને કાયદો-વ્યવસ્થાના અનુસંધાને વડોદરા શહેર પોલીસ દ્વારા એરિયા ડોમીનેશન એક્સસાઈઝનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રતાપનગર પોલીસ હેડ કવોટર્સ ખાતે આયોજિત કાર્યક્રમમાં પોલીસ કમિશનર નરસિમ્હા કોમાર સહિત પોલીસના ઉચ્ચ અધિકારીઓ તમામ પીઆઈ સહિત પોલીસ કર્મચારીઓ હાજર રહ્યા હતા. પોલીસ કમિશનરે જણાવ્યું હતું કે, વડોદરા 31 ડિસેમ્બરને લઈ શહેર પોલીસે એક્શન પ્લાન ઘડયો છે. દરેક ભીડભાડ વાળા સ્થળોએ પોલીસ તૈનાત રહેશે. અસામાજિક તત્વો ઉજવણીમાં દખલ ન કરે તે માટે પોલીસ સજ્જ છે. પોલીસના વિશેષ વાહનો સાથે પણ ટિમો તૈનાત રહેશે. કોઈ પણ અનિચ્છનીય કાર્યવાહી કરી તો પોલીસની ટિમો નહિ છોડે,શહેર ના ફાર્મ હાઉસ કે હોટેલોમા નિયમ ભંગ ના થાય તે માટે માલીકોને સૂચના અપાઈ છે. પોલીસ કમિશ્નર નરસિમ્હા કોમારે ઉમેર્યું હતું. ઉપરાંત થર્ટી ફર્સ્ટ ડિસેમ્બર દરમિયાન કોઇ અનિચ્છનીય બનાવ ના બને તેના માટે 2500 ઉપરાંત પોલીસ અધિકારીઓ તથા કર્મચારીઓ સહિતના જવાનો બંદોબસ્તમાં ખડે પગે ફરજ બજાવશે. જેમાં 6 ડીસીપી, 13 એસીપી, 54 પીઆઇ, 75 પીએસઆઇ, 2000 ઉપરાંત પોલીસ કર્મચારી અને 600 ટીઆરબી તથા હોમગાર્ડસ જવાનો ફરજ પર તૈનાત રહેશે.

મેનહોલની સુરક્ષા અને જાળવણીમાં ગંભીર ચૂક રહી ગઈ હતી

## માંજલપુર મેનહોલ ડેથ કેસ : વડોદરા મ્યુનિસિપલ કમિશનરની કાર્યવાહી ; એન્જિનિયર સસ્પેન્ડ!

**ફરજમાં** બેદરકારી દાખવનાર અતુલ ભલગામીયાને ઘરભેગા કરાયા, ડેપ્યુટી એન્જિનિયર મનાનીને કારણદર્શક નોટિસ

(પ્રતિનિધિ) વડોદરા, તા.11

વડોદરા શહેરના વોર્ડ નંબર 18 માં આવતા માંજલપુર વિસ્તારમાં ખુલ્લા મેનહોલમાં ગરકાવ થઈ જવાથી નાગરિકના મોતના ચકચારી કિસ્સામાં વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનએ આકરી કાર્યવાહી કરી છે. ફરજમાં બેદરકારી દાખવનાર અધિકારીઓ સામે કમિશનર અરુણ મહેશ બાબુએ લાલ આંખ કરતા તંત્રમાં ફફડાટ વ્યાપી ગયો છે. માંજલપુરની આ ઘટનાએ સમગ્ર શહેરમાં રોષ જગાડ્યો હતો. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે, મેનહોલની સુરક્ષા અને જાળવણીમાં ગંભીર ચૂક રહી ગઈ હતી. આ મામલે મ્યુનિસિપલ કમિશનરે ત્વરિત તપાસના આદેશ આપ્યા હતા, જેના રિપોર્ટના આધારે જવાબદાર અધિકારીઓ સામે શિક્ષાત્મક પગલાં લેવામાં આવ્યા છે. VMC કમિશનર અરુણ મહેશ બાબુએ આ કાર્યવાહી દ્વારા સ્પષ્ટ સંકેત આપ્યો છે કે, નાગરિકોની સુરક્ષા સાથે જોડાયેલી બાબતોમાં કોઈ પણ પ્રકારની શિથિલતા ચલાવી લેવામાં આવશે નહીં. તેમણે સાબિત કર્યું છે કે કામમાં બેદરકારી રાખનાર ગમે તેટલા ઉચ્ચ અધિકારી હોય, તેમને સજામાંથી મુક્તિ મળશે નહીં.

### કમિશનર દ્વારા લેવામાં આવેલા કડક પગલાંઓની વિગતો

તાત્કાલિક સસ્પેન્શનઃ એડિશનલ આસિસ્ટન્ટ એન્જિનિયર અતુલ ભલગામીયાને ફરજમાં પ્રાથમિક બેદરકારી બદલ તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે., શો-કોઝ નોટિસઃ આ જ મામલે નાયબ એન્જિનિયર હરિકૃષ્ણ મનાનીને પણ કારણદર્શક નોટિસ ફટકારવામાં આવી છે અને તેમની પાસે ખુલાસો માંગવામાં આવ્યો છે.

સ્કૂલની નિયત ફી એફઆરસીની સત્તાવાર વેબસાઇટ પર જાહેર

## કોઈ પણ ખાનગી સ્કૂલ ફીનો ઓર્ડર છુપાવી શકશે નહીં : FRCનો નિર્ણય

નોટિસ બોર્ડ પર ફીના ઓર્ડર લગાવવાની સૂચનાનું પાલન થતું ન હતું

(પ્રતિનિધિ) વડોદરા, તા.11

રાજ્યમાં ખાનગી શાળાઓ દ્વારા એફઆરસીએ નક્કી કરેલી ફી છુપાવી વાલીઓ પાસેથી વધુ રકમ વસૂલવાની ફરિયાદો સતત સામે આવી રહી હતી. આ ગેરરીતિ પર અંકુશ મૂકવા માટે હવે ફી રેગ્યુલેટરી કમિટીએ મોટો અને પારદર્શક નિર્ણય લીધો છે.સમગ્ર ગુજરાતની 5,780 ખાનગી સ્કૂલની નિયત ફી એફઆરસીની સત્તાવાર વેબસાઈટ પર જાહેર કરવામાં આવી છે. હવે કોઈ પણ ખાનગી સ્કૂલ ફીનો ઓર્ડર છુપાવી શકશે નહીં અને વાલી-વિદ્યાર્થીઓ ઘર બેઠાં જ પોતાની સ્કૂલની મંજૂર ફી જોઈ શકશે. તાજેતરમાં સુપ્રીમ કોર્ટના ચુકાદા બાદ સ્થિતિ વધુ કડક બની છે. હવે એફઆરસી દ્વારા નક્કી કરેલી ફી સિવાય કોઈ પણ પ્રકારની વધારાની રકમ વસૂલવી ગેરકાયદે ગણાશે. મહત્વની વાત એ છે કે નવા ઓર્ડરમાં એડમિશન કે ટર્મ ફી માટે અલગથી કોઈ છૂટ આપવામાં આવી નથી, એટલે નિયત ફી સિવાય એક પણ રૂપિયો વસૂલવાનો રસ્તો બંધ થયો છે. અગાઉ સ્કૂલોને નોટિસ બોર્ડ પર ફીનો ઓર્ડર લગાવવાની સૂચના હોવા છતાં ઘણી જગ્યાએ તેનું પાલન થતું નહોતું. પરિણામે વાલીઓ અજાણ રહેતા. હવે એફઆરસીની વેબસાઈટ પર ફી જાહેર થતાં વાલી-વિદ્યાર્થીઓ સરળતાથી માહિતી મેળવી શકશે.

વડોદરા-મુંબઈ એક્સપ્રેસવેનો પેકેજ-5 (કિમ-અંકલેશ્વર) 31 ડિસેમ્બર સુધી ખુલવાની શક્યતા

## કિમથી અંકલેશ્વર એક્સપ્રેસ વે શરૂ કરવા કાલે સાઈટ વિઝિટ

શરૂઆતમાં નાના વાહનોને મંજૂરી મળવાના સંકેત

(પ્રતિનિધિ) ભરૂચ, તા.29

દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવેના વડોદરા-મુંબઈ સેક્શનના પેકેજ-5 અંતર્ગત આવતો બહુપ્રતિક્ષિત કિમ-દહેગામ (અંકલેશ્વર નજીક) સ્ટ્રેચ તા.31મી ડિસેમ્બર સુધીમાં જાહેર ઉપયોગ માટે ખુલવાની પ્રબળ શક્યતા વ્યક્ત થઈ રહી છે. આ અંગે અંતિમ નિર્ણય પહેલા તા.30મી ડિસેમ્બરે National Highways Authority of India (NHAI)ના રિજિયોનલ હેડ સુનીલ યાદવ દ્વારા



સ્થળ પર નિરીક્ષણ કરવામાં આવશે.

સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર, જો સાઈટ વિઝિટ દરમિયાન તમામ માપદંડ સંતોષકારક જણાશે, તો 31મી ડિસેમ્બરના રોજ પ્રારંભિક તબક્કે નાના વાહનો માટે એક્સપ્રેસવે ખુલ્લો મૂકવાની શક્યતા છે. આ અપડેટ સુરત સ્થિત NHAIના પ્રોજેક્ટ અમલીકરણ એકમ (PIU) દ્વારા CPGRAMS પોર્ટલ પર નોંધાયેલી જાહેર ફરિયાદના જવાબમાં આપવામાં આવી છે. NHAIના જણાવ્યા મુજબ, વડોદરા-મુંબઈ એક્સપ્રેસવેનો પેકેજ-5, જે કિમથી દહેગામ સુધીનો પટ આવરી લે છે, તેમાં કામગીરી સતત આગળ વધી રહી છે અને મહિનાના અંત સુધીમાં કાર્યરત થવાની અપેક્ષા છે. ઉલ્લેખનીય છે કે અમદાવાદ, વડોદરા અને સુરત શહેરો પહેલેથી જ નેશનલ એક્સપ્રેસવે-1 તથા અમદાવાદ-વડોદરા એક્સપ્રેસવે દ્વારા જોડાયેલા છે, જ્યારે દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવેના વડોદરા-વિરાર સેક્શનના પેકેજ 1થી 6 પૈકી પેકેજ-5 એકમાત્ર એવો વિભાગ છે જે હજી સુધી જાહેર ઉપયોગ માટે ખુલ્લો મૂકાયો નથી.

નર્મદા નિગમની લાલિયાવાડી: ઊંડા પાણી અને ઊંચાઈ પર કામ છતાં શ્રમિકો પાસે નથી હેલ્મેટ કે સેફ્ટી બેલ્ટ

## સમા કેનાલ પર સુરક્ષા સાધનો વગર સોલાર પ્રોજેક્ટની જોખમી કામગીરી

શ્રમ વિભાગ ક્યાં છે? મુખ્યમંત્રી અને શ્રમ મંત્રી આ ગંભીર બેદરકારી સામે લાલ આંખ કરે તેવી જાગૃત નાગરિકોની અપીલ

(પ્રતિનિધિ) વડોદરા, તા.29

વડોદરા શહેરના સમા વિસ્તારમાં નર્મદા કેનાલ પર ચાલી રહેલા સોલર પ્રોજેક્ટની કામગીરીમાં સુરક્ષાના નિયમોના ધજાગરા ઉડતા જોવા મળી રહ્યા છે. વિકાસના નામે શ્રમિકોના જીવ સાથે ચેડાં કરવામાં આવતા હોવાના ગંભીર આક્ષેપો સાથે સ્થાનિક કક્ષાએ ભારે રોષ જોવા મળી રહ્યો છે.

નર્મદા નિગમ દ્વારા કેનાલ પર સોલર પેનલ લગાવીને ઉર્જા બચાવવાનો પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે, જે સરાહનીય પગલું છે. પરંતુ આ પ્રોજેક્ટ પાછળ કોન્ટ્રાક્ટરની ઘોર બેદરકારી સામે આવી છે. કેનાલના ઊંડા પાણી અને ઊંચાઈ પર કામ કરી રહેલા શ્રમિકો પાસે હેલ્મેટ, સેફ્ટી બેલ્ટ, હેન્ડગ્લોવ્સ કે લાઈફ જેકેટ જેવા પાયાના સુરક્ષા સાધનોનો અભાવ જોવા મળ્યો છે. શ્રમિકો કોઈ પણ જાતની સુરક્ષા વગર જીવના જોખમે સોલર પેનલ બદલવાની કામગીરી કરી રહ્યા છે.

સ્થાનિકો અને જાગૃત નાગરિકોનું કહેવું છે કે કોન્ટ્રાક્ટરો વધુ નફો કમાવવાની લાલચે શ્રમિકોના જીવ જોખમમાં મૂકી રહ્યા છે. આ કામગીરી પર દેખરેખ રાખવાની જવાબદારી નિગમના એન્જિનિયરો અને સુપરવાઈઝરોની છે, પરંતુ તેમની નિષ્કાળજીને કારણે શ્રમિકો રામભરોસે કામ કરી રહ્યા છે. જો કોઈ શ્રમિક પગ લપસવાને કારણે ઊંડા પાણીમાં પડે તો તેની જવાબદારી કોની રહેશે તે એક મોટો યક્ષ પ્રશ્ન છે.



### શું તંત્ર કોઈ મોટી હોનારતની રાહ જોઈ રહ્યું છે?

વિકાસ જરૂરી છે પણ તે કોઈના લોહીના ભોગે ન હોવો જોઈએ" આ સૂત્ર હાલ સમા કેનાલ પરના દ્રશ્યો જોઈને સાર્થક થતું જણાય છે. ભૂતકાળમાં પણ અનેક કિસ્સાઓમાં શ્રમિકોના મોત બાદ માત્ર વળતર આપીને સંતોષ માની લેવામાં આવે છે, પરંતુ માનવતાની દ્રષ્ટિએ શ્રમિકોની સુરક્ષા પ્રથમ પ્રાથમિકતા હોવી જોઈએ. નર્મદા નિગમે તાત્કાલિક અસરથી આ જોખમી કામ અટકાવીને પહેલા સુરક્ષાના તમામ માપદંડો પૂર્ણ કરાવવા જોઈએ જેથી કોઈ મોટી જાનહાનિ ટાળી શકાય.

નોકરી-ધંધાવાળા તથા અન્ય વાહનચાલકોને ભારે હાલાકી

## અલકાપુરી ગરનાળુ બંધ થતાં પંડ્યા બ્રિજ અને અકોટા બ્રિજ પર ટ્રાફિકનું ભારણ વધ્યું

(પ્રતિનિધિ) વડોદરા, તા.28

વડોદરામાં બુલેટ ટ્રેન પ્રોજેક્ટની કામગીરી તેજ ગતિએ ચાલી રહી છે. ત્યારે, વડોદરાના અલકાપુરી રોડ અન્ડર બ્રિજ પાસે પ્રી-સ્ટ્રેસ્ડ કોન્ક્રીટ ગર્ડર લોન્ચિંગની કામગીરી હાથધરવામાં આવી છે. આ ગર્ડર લોન્ચિંગનું કાર્ય જમીનથી અંદાજે 20 મીટરની ઊંચાઈએ સલામતીપૂર્વક કરવામાં આવનાર હોવાથી સલામતીના હિતમાં આ રોડ અન્ડર બ્રિજને આગામી 12 જાન્યુઆરી 2026ના સમયગાળા દરમિયાન બંધ રાખવામાં આવ્યો છે. અગાઉ આ મામલે શહેર ટ્રાફિક પોલીસ વિભાગ દ્વારા જાહેરનામું પણ પ્રસિદ્ધ કરવામાં આવ્યું હતું.

તેમજ શહેરીજનોને પણ વિનંતી કરવામાં આવી હતી કે, તેઓ પોતાની મુસાફરીનું પૂર્વ આયોજન કરી પંડ્યા બ્રિજ અને જેતલપુર આરઓબી મારફતે વૈકલ્પિક માર્ગોનો ઉપયોગ કરે. ટ્રાફિકના સુચારુ સંચાલન માટે ટ્રાફિક માર્શલ તથા ડાયવર્ઝન બોર્ડ દ્વારા માર્ગદર્શનની વ્યવસ્થા કરવામાં આવી રહી છે. જોકે, અલકાપુરી ગરનાળુ બંધ હોવાથી વાહન ચાલકોને ભારે પરેશાનીનો સામનો કરવાની ફરજ પડી છે. શહેરના હાર્દ સમાન અલકાપુરી ગરનાળાને બંધ કરવામાં આવતા પંડ્યા બ્રિજ અને અકોટા બ્રિજ પર ટ્રાફિકનું ભારણ વધી ગયું છે. આ ગરનાળા પાસેજ રેલવે સ્ટેશન તેમજ બસ સ્ટેન્ડ નજીકમાંજ આવેલું હોવાથી દરરોજ મોટી સંખ્યામાં મુસાફરોની અવરજવર રહેતી હોય છે. ત્યારે આ ગરનાળુ બંધ હોવાથી મુસાફરો સાથે વાહનચાલકોને પણ ભારે હાલાકી ભોગવી પડી રહી છે.



### વડોદરાનું ખિસકોલી સર્કલ ટ્રાફિકના 'ચક્રવ્યૂહ'માં ફસાયું



વડોદરા સંસ્કારી નગરી વડોદરાના દક્ષિણ અને પશ્ચિમ વિસ્તારને જોડતા સૌથી વ્યસ્ત એવા ખિસકોલી સર્કલ પાસે છેલ્લા ત્રણ મહિનાથી જનતા 'નરક' જેવી સ્થિતિનો સામનો કરી રહી છે. વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા વોર્ડ નંબર 12માં અટલાદરાથી વિશ્વામિત્રી નદી તરફ હાથ ધરવામાં આવેલી વરસાદી કાંસની કામગીરી તંત્રની ઘોર બેદરકારી અને ધીમી ગતિનું પ્રતીક બની ગઈ છે. મુખ્ય માર્ગ પર કાંસ ક્રોસ કરવાની કામગીરીને કારણે રસ્તાની પહોળાઈ અડધાથી પણ ઓછી થઈ ગઈ છે. 24 કલાક ધમધમતા આ માર્ગ પર દિવસ-રાત વાહનોની લાંબી કતારો જોવા મળે છે.